eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 280
July 15, 2011

## ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે



ઉપરોકત પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. તેવી ધરતી પરની સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા. ૦૭/૦૭/૨૦૧૧ ને ગુરૂવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાને રાષ્ટ્રપતિ હસ્તક મળેલ નગરરત્ન એવોર્ડ




તા. ૦૮/૦૭/૨૦૧૧ના રોજ મુંબઈ ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા દેવીસિંહ પાટીલના વરદ્‌હસ્તે નગરરત્ન એવોર્ડના વિજેતાઓને ઈનામ વિતરણનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાને Best performance in category of Innovation નો એવોર્ડ મળેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જુન ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં જુન માસ દરમ્યાન ૩૮૮૨ ઈન્ડોર તથા ૩૭૬૮૪ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૮૯ તથા ૫૩૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૨/૦૭/૨૦૧૧ના રોજ યોજાયેલ પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધાનું પરિણામ



સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૨, ૧૩ અને ૧૪ જુલાઈ,૨૦૧૧ના રોજ અનુક્રમે પ્રાથમિક, માધ્યમિક અને ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધાનું આયોજન રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ ખાતે કરવામાં આવેલ છે. જે પૈકી આજરોજ તા.૧૨/૦૭/૨૦૧૧ના રોજ પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રાથમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ૫૨૮ બાલિકાઓએ ભાગ લઈ, અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબ સ્પર્ધકો વિજેતા થયા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## જયાપાર્વતી વ્રત(અલુણાવ્રત) નિમિત્તે બાગોમાં પ્રવેશ બાબત

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમાં જયાપાર્વતીવ્રત નિમિત્તે તા.૧૩/૦૭/૧૧ થી તા.૧૭/૦૭/૧૧ સુધી નીચે જણાવેલ બાગોમાં સાંજે ૪.૦૦ થી રાત્રે ૧૦.૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/નાના બાળકો/બાલીકાઓને/વરિષ્ઠ નાગરીકોને જ દાખલ થવા દેવામાં આવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે



ઉપરોકત પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. તેવી ધરતી પરની સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા. ૦૭/૦૭/૨૦૧૧ ને ગુરૂવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મા. ડે. મેયરશ્રીમતી છાયાબેન ભુવા, ધારાસભ્યશ્રીઓ શ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી આત્મારામ પરમાર, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુનિ.કમિશનર કુ.એસ.અપર્ણા, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ગીતાબેન પટેલ ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં શહેર માટે કલ્યાણકારી ભવિષ્યની વાંચ્છના કરતાં નદીમાં દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકાને રાષ્ટ્રપતિ હસ્તક મળેલ નગરરત્ન એવોર્ડ




તા. ૦૮/૦૭/૨૦૧૧ના રોજ મુંબઈ ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા દેવીસિંહ પાટીલના વરદ્દહસ્તે નગરરત્ન એવોર્ડના વિજેતાઓને ઈનામ વિતરણનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાને Best performance in category of Innovation નો એવોર્ડ મળેલ છે, જે ભારતના રાષ્ટ્રપતિના વરદ્દહસ્તે સુરતના પ્રથા નાગરિક શ્રી રાજેન્દ્ર દેસાઈ અને સુરત મહાનગરપાલિકાના કમિશ્નર કુ. એસ. અપર્ણા દ્વારા સ્વીકારવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના ડે. મેયર, સ્થાયી સમિતિ અધ્યક્ષ, શાસકપક્ષના નેતા તથા સીટી ઈજનેર અને ડે.કમિશ્નર પણ હાજર રહયા હતા.






સુરત મહાનગરપાલિકા તરફથી વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન એનર્જી એફિસિયન્સી ક્ષેત્રે કરેલ કામગીરી, વોટર ઓડીટ અને લીકેજ મેપીંગની કામગીરી, ઝુંપડાવાસીઓનું સ્થળાંતર, પ્રોજેકટ યશોદા - Human Milk Bank, m-Governance અન્વયે વેકસીનેશન એલર્ટ અંગેની કામગીરી જેવી વિવિધ કામગીરીઓ માટે કરવામાં આવેલ પહેલને આ એવોર્ડ માટે ધ્યાને લેવામાં આવેલ છે.

ભૂતકાળમાં સુરત મહાનગરપાલિકાને ભારતના વડાપ્રધાન હસ્તક Best Performing City નો એવોર્ડ મળેલ છે તથા ભારત સરકારના વિવિધ મંત્રાલયો દ્વારા છેલ્લા ચાર વર્ષમાં નવ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટની સ્થાપના ૧૯૨૬માં થયેલ અને તે ભારતની એક અગ્રણી રીસર્ચ અને ટ્રેનીંગ આપતી સંસ્થા છે. આ સંસ્થા દ્વારા શહેરી વિકાસ અને મહાનગરપાલિકાના વહીવટને લગતા સરકાર માન્ય અભ્યાસક્રમો પણ ચલાવવામાં આવેલ છે.

આ સંસ્થા દ્વારા નગરરત્ન એવોર્ડ ૨૦૧૦–૧૧ માટે JnNURM અંતર્ગત આવરી લેવાયેલ ૬૩ શહેરો એલીજીબલ ગણવામાં આવેલ અને તેઓ પાસેથી નિયત ફોર્મમાં વિવિધ કેટેગરી માટે વિગત મંગાવવામાં આવેલ.

ભાગ લેનાર મહાનગરપાલિકાઓએ મોકલેલ વિગતોની નિષ્ણાંતોની પેનલ દ્વારા ચકાસણી કરવામાં આવેલ તથા જે તે મહાનગરપાલિકાઓની રૂબરૂ મુલાકાત લઈને નગરરત્ન એવોર્ડના વિજેતા જાહેર કરવામાં આવેલ.

ગુજરાતની અન્ય મહાનગરપાલિકાઓએ પણ વિવિધ કેટેગરીમાં નીચે મુજબના એવોર્ડ મેળવેલ છે.

– અમદાવાદ મહાનગરપાલિકાને Overall Performance માટે પ્રથમ ઈનામ–ગોલ્ડન ટ્રોફી તથા રૂપિયા ૫ લાખ.

– વડોદરા મહાનગરપાલિકાને Best Performance in Category of Basic Amenities for Urban Poor.

– રાજકોટ મહાનગરપાલિકાને Best performance in category of Grievance Redressal.

TOP

## માહે જુન ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં જુન માસ દરમ્યાન ૩૮૮૨ ઈન્ડોર તથા ૩૭૬૮૪ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૮૯ તથા ૫૩૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૮૩૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૩૪૯ અને જુના ૧૧૧૪ દર્દીઓ સહીત કુલ ૧૪૬૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૬૫૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૫૦૫ તથા આંખ વિભાગમાં ૨૦૮૨ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૨૬૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૨/૦૭/૨૦૧૧ના રોજ યોજાયેલ પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધાનું પરિણામ



સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૨, ૧૩ અને ૧૪ જુલાઈ,૨૦૧૧ના રોજ અનુક્રમે પ્રાથમિક, માધ્યમિક અને ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધાનું આયોજન રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ ખાતે કરવામાં આવેલ છે. જે પૈકી આજરોજ તા.૧૨/૦૭/૨૦૧૧ના રોજ પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રાથમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ૫૨૮ બાલિકાઓએ ભાગ લઈ, અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબ સ્પર્ધકો વિજેતા થયા હતા.

### પ્રાથમિક વિભાગ

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | આલકડી ધ્રુવી રાજુભાઈ | પટેલ જાસ્મીન ઈન્દ્રવદનભાઈ |
| દ્વિતીય | શેખ કૌશર મોહંમદ યાકુબ | વખારીયા નેહા પ્રકાશભાઈ |
| તૃતીય | શાહ રીયા વિપુલકુમાર | રાજા અસ્માબાનુ ગુલામખ્વાજા |
| આશ્વાસન | મુન્શી આયેશા એમ.એ. | લાકડાવાલા જાન્વી કેતનભાઈ |
| આશ્વાસન | દોશી કૃપાલી અતુલભાઈ | ઢોલરીયા હીતાલી કિશોરભાઈ |
| આશ્વાસન | ઠાકોર પ્રિયા સંજયભાઈ | પટેલ સેજલ અશોકભાઈ |
| આશ્વાસન | શેખ શબનમ રફીક | શેખ ઝેનબ ખાતુન મોહંમદ ઝફર |
| આશ્વાસન | પટેલ દિશા શૈલેષભાઈ | કુરેશી ફિરદોશબાનું મોહંમદ |



મહેંદી સ્પર્ધાના વિજેતાઓને મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવા,સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, ઉપાધ્યક્ષા શ્રીમતી ઉર્મીલાબેન રાણા, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન વેકરીયા, મ્યુનિસિપલ સભ્યશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, શ્રીમતી મધુબેન ખેનીના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રીમતી નિમિષાબેન પારેખ અને કુ. બીન્નીબેન શાહે સેવા આપી હતી.

TOP

## જયાપાર્વતી વ્રત(અલુણાવ્રત) નિમિત્તે બાગોમાં પ્રવેશ બાબત

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમાં જયાપાર્વતીવ્રત નિમિત્તે તા.૧૩/૦૭/૧૧ થી તા.૧૭/૦૭/૧૧ સુધી નીચે જણાવેલ બાગોમાં સાંજે ૪.૦૦ થી રાત્રે ૧૦.૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/નાના બાળકો/બાલીકાઓને/વરિષ્ઠ નાગરીકોને જ દાખલ થવા દેવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉદ્યાન–રાંદેર | ૨. | મોરારજીભાઈ દેસાઈ ઉદ્યાન–અડાજણ |
| ૩. | જગદીશચંદ્ર બોઝ ઉદ્યાન–અડાજણ | ૪. | જયોતિન્દ્ર દવે ઉદ્યાન–જોગાણી નગર |
| ૫. | કલાપી ઉદ્યાન–અડાજણ | ૬. | પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઉદ્યાન–રાંદેર |
| ૭. | લેકવ્યુ ગાર્ડન–પીપલોદ | ૮. | જવાહરલાલ નહેરુ ઉદ્યાન–અઠવાલાઈન્સ |
| ૯. | સ્વામી વિવેકાનંદ ઉદ્યાન–જીવકોરનગર | ૧૦. | સિધ્ધરાજ જયસિંહ સોલંકી ઉદ્યાન–અલથાણ |
| ૧૧. | મહારાજા અગ્રસેન ઉદ્યાન–સીટી લાઈટ | ૧૨. | ઝાંસી કી રાણી લક્ષ્મીબાઈ ઉદ્યાન–ઉધના |
| ૧૩. | શહીદ વીર ભગતસિંહ ઉધાન–ત્રિકમ નગર | ૧૪. | મહારાણા પ્રતાપ ઉદ્યાન–વરાછા |
| ૧૫. | ઝવેરચંદ મેઘાણી ઉદ્યાન–વરાછા | ૧૬. | વીર સાવરકર ઉદ્યાન–કતારગામ |
| ૧૭. | પ્રેમાનંદ ઉદ્યાન–વરાછા | ૧૮. | ગાંધીબાગ–ચોક બજાર |
| ૧૯. | સ્નેહ મિલન બાગ–ટીમલીયાવાડ | ૨૦. | કવિશ્રી જયંત પાઠક ક્રિડાંગણ–સગરામપુરા |
| ૨૧. | સરોજીની નાયડુ ઉદ્યાન–ઉમરા | ૨૨. | ડો.શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડન–કતારગામ |
| ૨૩. | કવિશ્રી નવલરામ પંડયા ફલોરા પાર્ક–ઉમરા | ૨૪. | ઉમીયામાતા ઉદ્યાન–ખરવરનગર |
| ૨૫. | સ્વ.શ્રી નવિનચંદ્ર મફતલાલ ઉદાન–ભેસ્તાન | | |